**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૨ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે પર ટકા

# ગ-૪ પાસે બોલેરોની ટક્કરે બાઈક ચાલકે જીવ ખોયો

## યુવક આઠ માસ પહેલા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગર આવ્યો હતો





આજે સવારના સમયે ગાંધીનગર શહેરના ગ-૪ પાસે બોલેરો ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહેલા આશાસ્પદ બાઈક ચાલક યુવકનું માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યું નિપજયુ હતું. ધ્રાંગધ્રાથી યુવક આઠ માસ પહેલા જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે ગાંધીનગર આવ્યો હતો. ત્યારે યુવકના આકસ્મિક મૃત્યુને પગલે પરિવાર તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવકોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રાના કુંડા ગામના ખુમાનસિંહ દાદુભા જાલા (ઉં.વ.૪૬) ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદીના પરિવારમાં પત્ની, એક દિકરો અને બે દિકરી છે. તેઓ સંયુકત પરિવારમાં રહે છે. જયારે સૌથી મોટો દિકરો છે અને ગ્રેજ્યુએશન પૂર્ણ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે ૨૧ વર્ષિય હરદિપસિંહ જાલા આઠ માસ પહેલા જ ગાંધીનગર ખાતે આવ્યા હતા. હરદિપસિંહ લેકાવાડા ખાતે આવેલી આઈએએસ એકેડમી ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા અને એકેડમીની હોસ્ટેલમાં રહેતા હતા. આજે સવારના સમયે હરદિપસિંહ મોટરસાઈકલ નં. જી.જે.૦૩.એચ.પી.-૪૩૪૫ લઈને ઘ-૪ થી સેકટર-૧૫ ની કોલેજ તરફ જઈ રહ્યા હતા તે સમયે ગ-૪ ખાતે સેકટર-૧૬ ના ખુણા પાસે ગ માર્ગ પરથી આવી રહેલી બોલેરા ગાડી નં.જી.જે.૧૮જી.બી.-૦૩૩૪ ના ચાલકે બોલેરો ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવાન માર્ગ પર પટકાયો હતો. જેમાં યુવકને માથાના ભાગે ઈજા પહોંચતા યુવકને તાત્કાલીક એકઠા થઈ ગયેલા નાગરીકોએ ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ ફરજ પરના ડોકટરે યુવકને તપાસીને મૃત જાહેર કર્યા હતા. શહેરના માર્ગ અકસ્માતમાં આશાસ્પદ યુવકના મૃત્યુને પગલે પરિવાર અને પરીક્ષાની તૈયારી કરતા યુવકોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. બનાવ અંગે મૃતકના પિતાની ફરીયાદ લઈ સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સી.એમ. હાઈસ્કૂલનો ૪૧મો વાર્ષિકોત્સવ અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૫

તા. ૧ ડિસેમ્બરના રોજ શેઠ સી.એમ. હાઈસ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીઓનો અભિવાદન અને ૪૧મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે ભગુભાઈ મંગળદાસ પટેલ (દાતા યુએસએ) તેમજ શારદાબેન ભગુભાઈ પટેલ (દાતા યુએસએ) અને મુખ્ય મહેમાન તરીકે દલપતભાઈ પઢિયાર (નિવૃત્ત અધિક માહિતી નિયામક, જાણીતા સાહિત્યકાર તેમજ વિશેષ ઉપસ્થિત તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ચિરાગ પટેલ (આઈપીએસ, પોલીસ અધિક્ષક મહિસાગર), ડૉ. કુમાર મહેતા (સુપર સ્પેશ્યાલીસ્ટ, અમદાવાદ), યુવરાજસિંહ વાઘેલા (આરટીઓ, સુરેન્દ્રનગર), યુવરાજસિંહ ચૌહાણ (ડિસ્ટ્રીક રજીસ્ટારશ્રી, અમદાવાદ), ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી મેહુલ જોષીના માતૃ વીણાબેન જોષી હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય, સંસ્થા પરિવારના સભ્યો, વાલીઓ, ઈનામપાત્ર વિદ્યાર્થીઓ શાળાના વિદ્યાર્થીઓની હાજરી પ્રેરક બની રહી. કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્ય ડૉ. ચેતના બૂચે






સ્વાગત પ્રવચન કરી તેમજ શાળાની પ્રગતિનો અહેવાલ પ્રસ્તુત કર્યો. આ વાર્ષિકોત્સવમાં પૂજ્ય છગનભા મેડલ પારિતોષિક, પૂજ્ય દિવાળીબા, પૂજ્ય દાસકાકા અને પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબ મેમોરિયલ મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી. તમામ ધોરણોના તમામ વર્ગોમાં પ્રથમ આવનાર ૩૧ વિદ્યાર્થીઓને રૂ. ૨૩૨૮૨ મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી તથા શાળાના જે વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષા લેવલની રમત સુધી ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યુ છે, તેવા ૨ વિદ્યાર્થીઓને રૂ. ૫ હજારનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીઈઈ/નીટમાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ પટેલ જીનલ અને પટેલ પૂજાને મહેમાનોના હસ્તે શીલ્ડ આપી બહુમાન કરવામાં આવ્યુ હતુ. આ સમારંભમાં 'નવરસ' થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. જેમાં શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શેઠ સી.એમ.ના વિદ્યાર્થીઓએ વિવિધ રંગોથી નવરસ આધારિત સુંદર રંગોળીથી હોલ સુશોભિત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમના પ્રતિભાવ આપતાં સમારંભના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલે પાયોનિયર સંસ્થા ગણાવી તેમાં ઉજ્જવળ પરિણામો બદલ તમામ સ્ટાફને અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમારંભના ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત ભગવાનદાસ મંગળદાસ પટેલે વિદ્યાર્થીઓને ઉચ્ચત્તમ કારકિર્દી માટે ઉજ્જવળ તકો અંગે માર્ગદર્શન આપી શુભાશિષ પાઠવ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી મેહુલ જોષીના માતૃ વીણાબેન દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલયને રૂ. એક લાખનું દાન સંસ્થાના વિકાસ માટે આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમમાં મહેમાનો, શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાના સમગ્ર સ્ટાફનો સંપૂર્ણ સહયોગ મળ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વંદનાબેન મેવાડાએ કર્યુ હતુ. આભારવિધિ માધ્યમિક વિભાગના સુપરવાઈઝર કનુભાઈએ કરી હતી. બી.એ. પટેલ, મુકેશભાઈ પટેલ તેમજ વી.એમ. પટેલે કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# આજથી સે-૧૨ ખાતે વિવેકાનંદ વિદ્યા વિહારમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી એકિઝબીશનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫


ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ કોલેજ દ્વારા તા. ૬ થી ૭ જાન્યુઆરી દરમિયાન 'સાયન્સ એન્ડ ટેકનોલોજી એકિઝબીશન ૨૦૨૦'નુ આયોજન કરવામાં આવ્યું છે. આ એકિઝબીશનનું ઉદઘાટન તા. ૬ ઠ્ઠી જાન્યુઆરી સોમવારે સવારે ૯ કલાકે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ તથા ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુની ઉપસ્થિતિમાં યોજાશે. એકિઝબીશન સેકટર-૧૨ ખાતેની સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર સ્કૂલ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

કેએસવી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ કોલેજ દ્વારા આયોજિત બે દિવસીય સાયન્સ એન્ડ ટેકનોલોજી એકિઝબીશન ૨૦૨૦માં ગાંધીનગર ખાતેની ૯ જેટલી કોલેજ જોડાશે. જેના અંદાજે ૧૩૦ જેટલા વર્કિંગ મોડેલ્સ પ્રસ્તુત કરવામાં આવશે. આ એકિઝબીશનને અમદાવાદ ગાંધીનગરમાં અભ્યાસ કરતા આશરે ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ એકિઝબીશનની લેશે. એકિઝબીશનમાં કેએસવી સંલગ્ન બીએસસી, ફાર્મસી, ફિઝિયોથેરેપી તથા આઈટીને લગતા પ્રોજેકટસ સામેલ કરવામાં આવ્યા છે.



વેદ ઈન્ટરનેશનલ શાળાના ધો. ૫ થી ૭ના વિદ્યાર્થીઓ દ્વારા વાવોલ સ્થિત શાલ્વિક શુકન સોસાયટી ખાતે નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિજળી બચાવો, પાણી બચાવો તથા નો પ્લાસ્ટિકની જાગૃતિ કેળવવાની અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકો દ્વારા તથા આભારવિધિ ભારતીબેન પોપટ દ્વારા કરવામાં આવી હતી.






સંસ્કાર ગ્રૃપ સમવા દ્વારા બાળકો માટે સલાડ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સાઈન બોર્ડસ-હોર્ડિંગ્સની વધતી ભરમાર, રસ્તો દેખાડે ઓછો પણ ભરમાવે વધુ...!!

## ટ્રાફિકના નિયમોનું કડક પાલન શરૂ કરાવ્યું પરંતુ ટ્રાફિક નિયમન માટે જરૂરી દિશા સૂચન કે અન્ય સાઈન બોર્ડસ યોગ્ય રીતે દેખાય તેવી સ્થિતિ કયાં છે ?? : રોડ પર કાયદેસર-ગેરકાયદેસર રીતે ઠોકી દેવાતા બોર્ડસ-હોર્ડિંગ્સને નિયંત્રિત કરતી યોગ્ય નીતિ ઘડી તેનો પણ કડક અમલ જરુરી




ગાંધીનગર, તા.૫

'તમે નો-એન્ટ્રીમાં ઘુસી આવ્યા છો, તમારે દંડ ભરવો પડશે' તેવું કહી ટ્રાફિક હવાલદારે જયારે એક કાર ચાલકને અટકાવ્યો ત્યારે પેલા કારચાલકે આશ્ચર્ય ભરી નજરે ટ્રાફિકકર્મી સામે જોઈને નિર્દોષતાથી સવાલ પુછયો કે 'કોણે કીધું નો-એન્ટ્રી? મેં તો કયાંય નો-એન્ટ્રી કે વન-વેનું બોર્ડ જોયું જ નહીં....!!' અને પછી જયારે ટ્રાફિક કર્મી પેલા કારચાલકને તે રોડના નાકે લઈ ગયો જયાંથી તે કાર લઈને આવ્યો હતો અને ત્યાં લગાડાયેલા અસંખ્ય નાના-મોટા બોર્ડસની વચ્ચે વન-વે હોવાથી નો-એન્ટ્રી સૂચવતું બોર્ડ બતાવ્યું ત્યારે પેલો કારચાલક તો માથું ખંજવાળતો જ રહી ગયો. આવું કંઈક કદાચ તમારી સાથે પણ બન્યું હશે કે બની શકે છે કેમ કે આ પ્રકારના કિસ્સા લગભગ દરેક શહેરી વિસ્તારમાં બની રહ્યા છે જેનું મુખ્ય કારણ એ છે કે માર્ગો પર ખાસ કરીને ત્રણ રસ્તા, ચાર રસ્તા કે મહત્વના ચોક કે સ્ટોપ પર ટ્રાફિક નિયમનના બોર્ડસ સાથે સરકારી કે ખાનગી કાયેદસર અને ગેરકાયદેસર દિશાસૂચક અથવા જાહેરાતોના નાના-મોટા બોર્ડસ હોર્ડિંગ્સની વધી ગયેલી વણઝાર છે. હવે તો રસ્તાની વચ્ચે કે આજુબાજુમાં કેટલા અને કયા બોર્ડસ લગાડવા જોઈએ તેની એક ચોકકસ જાતિ ઘડીને તેનો ટ્રાફિકના નિયમો જેટલો જ કડક અમલ કરવાનો સમય પાકી ગયો છે.

એક સમય હતો જયારે સરકારી યોજનાઓ કે સિધ્ધિઓની જાહેરાતો માત્ર અખબારો ઉપરાંત રેડિયો-ટીવી કે એસટી બસની પાછળ જ જોવા મળી હતી પરંતુ છેલ્લા બે એક દાયકાથી ગુજરાતમાં શહેરો કે હાઈવે પરના મહ્‌ત્વના ચાર રસ્તા સહિત અનેક સ્થળે મોટા મોટા હોર્ડિંગ્સ પણ લગાડવાની પ્રથા શરૂ થઈ જેનો ચેપ હવે કદાચ દેશભરમાં લાગી ચુકયો છે. હવે તો માત્ર ચુંટણી સમયે જ નહી પરંતુ કોઈ રાજકીય નિર્ણયો લેવાયાં હોય, નવી યોજના જાહેર કરવામાં આવી હોય, સામાજિક, ધાર્મિક કે રાજકીય ઉત્સવો-આંદોલન કે યાત્રાઓના આયોજન કરવામાં આવ્યા હોય, તહેવારોનો સમય હોય કે પ્રાદેશિક મેળા-ઉત્સવ હોય, કોઈ રાજકીય મહેમાન પધારી રહ્યા હોય તેવા પ્રસંગોએ હોર્ડિંગ્સ, નાના મોટા બોર્ડસ-બેનર્સ, ઝંડા-પતાકાઓ, બેનર્સ, વગેરેની એટલી ભરમાર સર્જાય છે અને તે પણ માર્ગ પર અગાઉથી લગાડાયેલા ટ્રાફિક નિર્દેશનના મહત્વના સાઈનબોર્ડસ પણ ઢંકાઈ જાય તે રીતે ગેરકાયદેસર રીતે વાહનચાલકોને નડતરરૂપ ઠોકી બેસાડાયા છે અને જે તે પ્રસંગ પત્યા પછી તેને દિવસો સુધી દુર કરવામાં પણ આવતા નથી. વળી હવે તો ડિજિટલ હોર્ડિંગ્સ પણ આવી ગયા છે. જે વાહનચાલકનું ધ્યાન ભટકાવી શકે છે અને ટ્રાફિક નિયમન માટે જરૂરી સાઈનબોર્ડસ જોવામાં અડચણ થાય કે તેને ઝાંખા પાડી દે તેવી સ્થિતિ સર્જાતી હોય છે. આ પ્રકારના કાયેદસર ગેરકાયદેસર હોર્ડિંગ્સ સાથે રસ્તા પર લાગેલા ટ્રાફિક નિયમનના બોર્ડસ અને અન્ય નાના-મોટા સાઈન બોર્ડસ ગણીએ તો એક અંદાજ મુજબ એકલા ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગો પર જ આશરે ૧૨ હજારથી વધુ સંખ્યા થવા જાય છે, તો અન્ય ગીચ શહેરોની શું હાલત હશે? અને આ ભરમારમાં વિચારો શહેરમાં નવો આવેલો અજાણ્યો હાથ તેવો વાહનચાલક 'ભરમાઈ' જાય નહીં તો બીજું શું થાય?

વાત, માત્ર મોટા હોર્ડિંગ્સ કે રાજકીય જાહેરાતોની નથી. પરંતુ શહેરના માર્ગો પર લગાડવામાં આવેલા જરુરી ટ્રાફિક નિર્દેશન કે દિશાસૂચક બોર્ડસ પણ એક સાથે અસંખ્ય સંખ્યામાં નજીક નજીક હોય તેવી સ્થિતિ પણ જોવા મળે છે. જેમાં સ્પીડ લિમિટ, સ્પીડ બ્રેકરની ચેતવણી, ટર્નિંગ, સર્કલ કે અન્ય સૂચન સાથે દિશા સૂચન વગેરેનો સમાવેશ થતો હોય છે. અનેક સ્થળે રોડ વચ્ચે ઉછેરવામાં આવેલી વનરાજીના યોગ્ય ટ્રિમિંગના અભાવે સાઈનબોર્ડ તેમાં દબાઈ ગયા હોય કે જુના પુરાણા થઈ તુટી ગયા હોય અરે, કેટલેક ઠેકાણે તો દિશા જ ખોટી ચિંધવતા બોર્ડસ લગાડી દેવાયા હોય તેવી સ્થિતિ પણ જોવા મળે છે. વળી હવે તો વેધર ઈન્ફોર્મેશન ડિસપ્લે કરતા ટાવરો પણ લાગી ગયા છે. અને એટલું ઓછું હોય તેમ રસ્તાની વચ્ચોવચ મોટા મોટા એલઈડી ડિસ્પ્લે સ્ક્રીન લગાડી દેવાયા છે જેના પર સતત ઓડિયો વિઝયુઅલ જાહેરાતો ચાલતી હોય છે. આ સ્ક્રીન પર ચમકતાં 'ગ્લેમરસ વિડિયો' ડ્રાઈવરનું ધ્યાન તો ભટકાવી શકે છે પરંતુ સાંજના રાત્રીના સમયે આ સ્કીનના હાઈગ્લેમરનો ઉજાસ વાહનચાલકની આંખો આંજી નાંખે તેટલો વધુ હોય છે જે તેના પર ચાલતા દશ્યો સાથે સતત વધઘટ થઈ જોખમી પરિસ્થિતિ પેદા કરે છે. આ સ્થિતિ પાછી વહીવટી તંત્ર દ્વારા જ ઉભી કરવામા આવેલી હોય ત્યાં ફરિયાદ કોને કરવી? પરંતુ અત્યારે આ સ્થિતિ જોતા એક વાત સ્પષ્ટ સમજાય છે કે રસ્તાની વચ્ચે કે આજુબાજુ લગાડવામાં આવતા બોર્ડસ-હોર્ડિંગ્સ અંગે ચોકકસ નીતિ ઘડાય તેમાં ટ્રાફિક નિયમનને માટે જરૂરી સાઈન બોર્ડસને પ્રાધાન્ય આપવામાં આવે અને બાકીના વધારાના ખાસ કરીને ગેકાયદેસર રીતે પોતપોતાની સંસ્થા, કંપની કે ભવનોની દિશા સૂચવતા બોર્ડસ હોય કે જાહેરાતો હોય તેને દૂર કરી નીતિ-નિયમોનું ટ્રાફિકના નિયમોની જેમ જ ચુસ્તપણે કડક પાલન કરાય તે જરૂરી બનતું જાય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com







## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**સબ કુશલ મંગલ**
૧૦.૦૫, ૧.૦૦, ૩.૫૦, ૧૦.૧૫
**ગુડ ન્યુઝ**
૧૦.૪૫, ૧.૪૦, ૨.૪૦, ૪.૩૫, ૭.૩૦, ૧૦.૨૫
**દબંગ-૩**
૧૧.૨૦, ૨.૧૦, ૫.૪૦, ૯.૦૦
**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૯.૩૦, ૫.૩૫, ૧૦.૩૫
**મર્દાની-૨** - ૮.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૫૦
**હેલ્લારો** - ૧૨.૧૦
**જી (ગુજરાતી)**
૭.૪૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**સબ કુશલ મંગલ**
૧૦.૩૫, ૪.૨૦, ૭.૨૦, ૧૦.૦૫
**ભંગરા પાલે**
૧૦.૨૫, ૧.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
**જી (ગુજરાતી)**
૪.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૦૫, ૭.૨૦
**ગુડ ન્યુઝ**
૯.૦૫, ૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૦, ૧.૪૦, ૩.૩૫, ૪.૩૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૨૫, ૧૦.૨૫
**દબંગ-૩**
૧.૧૫, ૧૦.૧૦
**જુમાનજી-૨**
૪.૪૦
**મર્દાની - ૨**
૧૧.૫૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
**ભંગરા પાલે**
૧૦.૩૦, ૧.૧૫, ૪.૩૦, ૧૦.૩૦
**સબ કુશલ મંગલ**
૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**જી (ગુજરાતી)**
૭.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**
**ગુડ ન્યુઝ**
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**શિમલા મિર્ચ**
૧૧.૪૫, ૪.૪૫, ૯.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૦૦
**દબંગ-૩**
૪.૦૦, ૯.૩૦
**મર્દાની-૨**
૧.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૬.૪૫
**સબ કુશલ મંગલ**
૩.૪૫, ૯.૪૫

## @ગાંધીનગર

● ગોસ્વામી સંજયભારતીની વ્યાસપીઠે કોલવડા સ્થિત નિલકંઠ મહાદેવ ખાતે ૧.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન શિવકથા યોજાશે.

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે બપોરે ૪ કલાકે યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. મેવાડા અશોકકુમાર વસંતલાલ, ઉ.વ. ૪૯
● સ્વ. પુરૂષોત્તમભાઈ ભીખાભઈ કણઝરીયા, ઉ.વ. ૫૭
● સ્વ. ઠાકોર શકરીબેન રૂમાલજી, ઉ.વ. ૯૦
● સ્વ. અમીચંદ મણીલાલ પટેલ, ઉ.વ. ૭૮
● સ્વ. ભંગી ભીખાભાઈ ચુંથાભાઈ, ઉ.વ. ૭૫
● સ્વ. આનંદીબેન બેચરજી સોલંકી, ઉ.વ. ૩૧